# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદમાં યોજાનારી પ્રથમ વિશ્વ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ 2026માં વર્ચ્યુઅલી ભાગ લેશે.**
2. **બાંગ્લાદેશી ઘૂસણખોરોને આશરો આપનાર અને તેમને નોકરીએ રાખનારા સામે કડક કાર્યવાહી કરાશે.**
3. **પોરબંદરના બરડા વન પ્રદેશમાં સિંહોને બેબિસિયાના રોગની તકેદારીના ભાગરૂપે તપાસણી ઝુંબેશ.**
4. **રાજ્યમાં આરટીઈ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં બીજા રાઉન્ડમાં પ્રવેશ માટેનો આજે અંતિમ દિવસ.**
5. **આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાંક ભાગોમાં વરસાદી માહોલ સર્જાવાની વકી વચ્ચે 22 તાલુકાઓમાં વરસાદ.**
6. **ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએસન દ્વારા વિવિધ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરાયા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM – YOGASANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે યોગ વિશ્વભરમાં ઝડપથી લોકપ્રિયતા મેળવી રહ્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું કે તેઓ આજે ગુજરાતના અમદાવાદમાં યોજાનારી પ્રથમ વિશ્વ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ 2026 માં વર્ચ્યુઅલી ભાગ લેશે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આ સ્પર્ધાએ વિશ્વભરના યોગ ઉત્સાહીઓને એકત્ર કર્યા છે. તેમણે તેને વૈશ્વિક રમત તરીકે યોગ આસનના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું અને આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા.

# PM GUJARAT VISIT

આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવશે. પ્રધાનમંત્રી 12 હજાર 421 કરોડના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી 7 હજાર 689 કરોડના ખર્ચે નિર્મિત વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ 6 અને 7નું લોકાર્પણ કરશે. જ્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ -56ના અપગ્રેડેશન હેઠળ ધમાસીયા–બિટાડા અને નસારપોર–મલોથા સેક્શનને ફોર-લેન બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરશે.

આ અપગ્રેડેશનથી આદિજાતિ જિલ્લાઓની કનેક્ટિવિટી મજબૂત બનશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી હજીરામાં 149 કરોડના ખર્ચે નિર્માણ પામનારા 6-લેન અંડરપાસ અને ફ્લાયઓવરનું ખાતમુહૂર્ત કરશે જેથી ભારે વાહનોની અવરજવર સુગમ બનશે.આ વિકાસકાર્યોને કારણે દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારો સુધી કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે તેમજ આર્થિક વિકાસને ગતિ મળશે.

# DELTA HUNT

કાયદાનો ભંગ કરી રાજ્યમાં  આશ્રય કે નોકરી આપનારા તત્વો સામે પણ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરાશે તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આવા તત્વોને ચેતવણી આપી છે. તેમણે કહ્યું હતું કે રાજ્યના કોઇપણ ખૂણે રહેલા ઘૂસણખોરોને ઝડપી લેવાશે. 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત **362** ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ તથા **782**થી વધુ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું હર્ષ સંઘવીએ કહ્યુ હતું.

**(BYTE: HARSH SANGHVI, MINISTER OF STATE FOR HOME AFFAIRS)**

ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સે આ વ્યક્તિઓની સાથે ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સ અંગે પણ તપાસ શરૂ કરી છે. બાંગ્લાદેશના નંબરો સાથે વાતચીત કરી હોય એવા ભારતીય મોબાઈલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરી છ હજાર **200**થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓના ડેટાબેઝની મદદથી ગેરકાયદેસર નેટવર્કને તોડવા જમીની કાર્યવાહી શરૂ કરાઇ છે. રાજ્યમાં ગઇકાલથી શરૂ કરાયેલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવાના ડેલ્ટા હંટ અભિયાન અંતર્ગત એક જ દિવસમાં 362 જેટલા ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓને ઝડપી લેવાયાં છે.

# ARAVALLI – OPERATION DELTA HUNT

અરવલ્લી જિલ્લામાં "ઓપરેશન ડેલ્ટા હંટ" અંતર્ગત પોલીસ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એસઓજી અને એલસીબીની અલગ અલગ ટીમોએ જિલ્લામાં હાથ ધરેલ તપાસ અભિયાન દ્વારા પોલિસને મળેલા ઇનપુટના આધારે બાંગ્લાદેશ સાથે સંકળાયેલા હોવાની શંકા ધરાવતા કુલ 13 વ્યક્તિઓની અટકાયત થઇ છે. હાલ તેમના દસ્તાવેજો અને ઓળખ સંબંધિત પુરાવાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે ડીવાય એસપી. જે ડી વાઘેલાએ આગળની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવ્યું હતું.

**(BYTE – JD VAGHELA – DY.SP, ARAVALLI)**

# PORBANDAR LION CARE

બેબીસિયા વાયરસના કારણે સિંહોના જીવન સામે ખતરો ઉભો થવાની શક્યતાઓ વચ્ચે પોરબંદર જિલ્લાના બરડા જંગલ વિસ્તારને લઈને પણ ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે.સિંહોના બીજા મહત્વપૂર્ણ નિવાસસ્થાન ગણાતા પોરબંદરના બરડા જંગલમાં 17 જેટલા સિંહો મુક્તપણે વિહાર કરી રહ્યા છે. ગીરમાં સર્જાયેલી પરિસ્થિતિના પગલે બરડા વિસ્તારમાં પણ વનવિભાગ દ્વારા વિશેષ આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી છે. બરડા જંગલમાં વસવાટ કરતા તમામ સિંહોના હેલ્થ ચેકઅપ પૂર્ણ કરવામાં આવ્યા છે અને હાલ કોઈપણ સિંહમાં બેબીસિયા વાયરસના લક્ષણો જોવા મળ્યા નથી. બેબીસિયા વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે.પોરબંદર વનવિભાગ દ્વારા સ્ટાફ, ટ્રેકર ની ટીમ, વેટનરી ડોક્ટરો તથા અન્ય કર્મચારીઓ સતત વનમાં રહી સિંહોની હિલચાલ અને આરોગ્ય પર નજર રાખી રહ્યા હોવાનું રાઉન્ડ ફોરેસ્ટર આર. બી. કારેણાએ જણાવ્યું હતું.

**(BYTE - R. B. KARENA (ROUND FORESTER)**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

ડેસ્ક

# SERVICE COMMISSIONE RATE

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં અલાયદા 'સર્વિસ કમિશનરેટ'ની સ્થાપના કરવાનો અને 'સર્વિસ કમિશનર'ની સત્તાવાર જગ્યા ઊભી કરવાનો નિર્ણય થયો છે.દેશમાં સૌપ્રથમવાર ગુજરાતમાં સર્વિસ સેવા ક્ષેત્રને વિશેષ પ્રાધાન્ય આપીને એક સંતુલિત અને ગતિશીલ અર્થવ્યવસ્થાના નિર્માણ માટે રાજ્ય સરકાર સેવાઓ તરફ વૈવિધ્ય લાવી રહી છે.આ અંગેની વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે જેમ ઉદ્યોગોના વિકાસ માટે અલાયદું ઉદ્યોગ કમિશનરેટ કાર્યરત છે, તેમ હવે સર્વિસ સેક્ટર માટે આ નવતર વ્યવસ્થા શરૂ કરીને ગુજરાત ફરી એકવાર દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણા બનવા જઈ રહ્યું છે.

**(BYTE- JITU VAGHANI, SPOKESPERSON MINISTER)**

# RTE – ADMISSION PROCESS

આરટીઈ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં બીજા રાઉન્ડમાં એલોટમેન્ટ મેળવનારા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સુનિશ્ચિત કરાવવાનો આજે અંતિમ દિવસ છે ત્યારે રાજ્યની શાળાઓમાં બંને રાઉન્ડની પ્રવેશ કાર્યવાહીમાં 84 હજાર બેઠક સામે 77 હજાર 925 વિદ્યાર્થીને એલોટમેન્ટની જાહેરાત કરાઈ હતી.

ગઇકાલ સાંજ સુધીમાં કુલ 73 હજાર 193 વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. બીજા રાઉન્ડની પ્રક્રિયામાં 11 હજાર 155 જગ્યામાંથી 5 હજાર 814ને સીટ એલોટ કરાઈ છે.

અમદાવાદ શહેરની શાળાઓમાં 2 રાઉન્ડની પ્રવેશ કાર્યવાહીમાં ગઇકાલ સુધીમાં કુલ 13 હજાર 578 વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે.

# WEATHER

રાજ્યમાં હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બન્યું છે, જેના કારણે આગામી 7 દિવસ દરમિયાન વરસાદી માહોલ જોવા મળશે. રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ભારે પવન સાથે ગાજવીજ અને વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પવનની ઝડપ અંદાજે 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાક સુધી રહી શકે છે. આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દાદરા નગર હવેલી, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે જણાવ્યુ હતું.

**(BYTE- DR. A. K. DAS, HEAD OF METEOROLOGICAL DEPARTMENT)**

# GUJARAT FOOTBALL AWARD

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા અમદાવાદમાં સન્માન સમારોહમાં વાર્ષિક પુરસ્કારો અને એવોર્ડ એનાયત કરાયા હતા. વિવિધ કેટેગરીમાં સીનિયર મેન્સ માં સીવીએમ એફસી ચેમ્પિયન, સીનિયર વિમેન્સ માં એસએજી એફએ ચેમ્પિયન, અંડર 17, માં એસજીવીપી એફસી ચેમ્પિયન, અંડર 15,માં એસએજી એફએ, ચેમ્પિયન, અંડર 13,માં બરોડા એફએ ચેમ્પિયનને એવોર્ડ એનાયત કરાયા હતા.. જ્યારે સારુ પ્રદર્શન કરનારા અમદાવાદને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનનો એવોર્ડ એનાયત કરાયો હતો. જ્યારે ક્લબ કેટેગરી માં એઆરએ એફસી ને સૌથી વધારે ટુર્નામેન્ટ જીતવા બદલ સંમાનિત કરાઇ હતી.. આ ઉપરાંત અન્ય કેટેગરીમાં પણ એવોર્ડ એનાયતકરવામાં આવ્યાં હતાં.